Bhakta Kavi Narsinh Mehta University
Govt. Polytechnic College, Bilkha Road, Khadiya Junagadh-362 263
Gujarat (India)
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
Website: http://www.bknmu.edu.in Email : registrar@bknmu.edu.in

# પરિપત્ર

**વિષય :** વિધાનસભા મતદાર વિભાગની મતદાર યાદીઓમાં નામ નોંધાવવા/કમી કરવા અંગે

ભારતના ચુંટણી પંચ દ્વારા રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીઓ તા. ૦૧/૦૧/૨૦૧૭ ની લાયકાતની તારીખના સંદર્ભમાં સુધારણા કરવાની કામગીરી માટે આદેશ કરેલ છે, જે માટે તા. ૦૧/૦૭/૨૦૧૭ થી તા. ૩૧/૦૭/૨૦૧૭ દરમ્યાન મતદારયાદીમાં નામ નોંધવવા/કમી કરવા માટે અરજી કરવાનો સમયગાળો નિયત કરવામાં આવ્યો છે.

અત્રેની યુનિવર્સિટી સલંગ્ન તમામ કોલેજો અભ્યાસ કરતાં વિદ્યાર્થી કે જેઓની ઉંમર તા. ૦૧/૦૧/૨૦૧૭ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો તેઓ મતદારયાદીમાં નામ નોંધાવવાની લાયકાત ધરાવે છે. તે માટે આપની કોલેજનાં વિદ્યાર્થીઓ તેઓનું નામ મતદારયાદીમાં નોંધાવી શકે તે માટે સંબંધીત જિલ્લાના કલેક્ટર અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી મારફત આ કોલેજો તથા સંસ્થાઓમાં જ ફોર્મ્સ સ્વિકારવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે જે માટે આપની સંસ્થાનાં એક કર્મચારીને પદમાનિત અધિકારી તરીકે નીમી તેઓને જરૂરી તાલીમ આપી ફોર્મ્સ સ્વીકારવાની કાર્યવાહી સંસ્થાનાં કામકાજના સમય દરમ્યાન કરવાની રહેશે.

આ રીતે નીમવામાં આવેલ પદનામિત અધિકારી (Designated Officer)ની સહાયતા માટે તથા વિદ્યાર્થીઓને મતદારયાદીમાં નામ નોંધાવવા માટે પ્રોત્સાહીત કરવા સારૂ જે તે શૈક્ષણિક સંસ્થામાં જો જિલ્લા ચુંટણી અધિકારીશ્રી દ્વારા કેમ્પસ એમ્બેસેડર નિમાયા હોય તો તેઓની સક્રિય મદદ લેવાની રહેશે. તેમજ કેમ્પસ એમ્બેસેડરે ક્યા પ્રકારની અને કેવી રીતે કામગીરી બજાવવાની છે, તેની વિગતવાર સૂચના કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આપવામાં આવશે.

(૧) મતદારયાદીમાં નામ નોંધાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ મતદાર નોંધણી નિયમો હેઠળ નિયત થયેલ ફોર્મ નં. ૬ માં અરજી કરવાની રહેશે, તેમજ અરજીમાં પોતાનો પાસપોર્ટ સાઈઝના ફોટાની સાથે જરૂરી પ્રમાણપત્ર બીડવાનું રહેશે.

(૨) આપના હસ્તકની સંસ્થાનાં તમામ લાયક વિદ્યાર્થીઓના નામ મતદારયાદીમાં નોંધાય તે માટેની કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવે તેને કોલેજો તરફથી પૂરતો સહકાર મળી રહે તે માટે સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

ઈ/ચા. રજીસ્ટ્રારશ્રી

જા.નં. બીકેએનએમયુ/પરીક્ષા/૩૨૨૩/૨૦૧૭ તા. ૩/૭/૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનિક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડિયા,
જુનાગઢ. ૩૬૨ ૨૬૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/સંસ્થાઓના વડાશ્રીઓ/માન્ય વિદ્યાશાખાઓના ઈન્ચાર્જશ્રીઓ તરફ.....

નકલ જાણ માટે રવાના :-
(૧) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા...